2012 International Year of Cooperatives

GUJARAT URBAN CO-OPERATIVE BANKS FEDERATION

Co-operative Banks Bhavan, Near Jaihind Press, Ashram Road, Mithakhali Under Bridge, Ahmedabad-380009.
Phone : 079-26589159, 26589179, Fax : 079-26584901 E-mail : gujfed@gmail.com, Web : www.gujfed.com

PROUDLY CO-OPERATIVE

જી.અ.ભી.બી./૨૦૧૨/૪૦/૪૫૬ તા: ૨૦-૦૮-૨૦૧૨

તમામ સભાસદ પ્રાથમિક શહેરી સહકારી બેન્કોના
ચેરમેન / ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર
મહાશય,

"કોર-બેન્કીંગ સોલ્યુશન્સ"

બેન્કીંગ ઈન્સ્ટીટ્યુશન્સના વિકાસ માટે તથા આ વ્યવસાયમાં ટકી રહેવા ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) નો ઉપયોગ અનિવાર્ય છે, વધુમાં IT નો ઉપયોગ બેન્કોને તેમના સંચાલનની કિંમત ઘટાડવા મદદ કરે છે, અને તેઓના ગ્રાહકોને સ્પર્ધાત્મક દરથી પ્રોડક્ટસ અને સેવાઓ પ્રદાન કરવા તેમને શક્તિમાન કરે છે. IT માત્ર શક્તિમાન કરે છે એટલું જ નહિ પણ સ્પર્ધાત્મક વાતાવરણમાં બેન્કો માટે વિશિષ્ટ છાપ ઊભી કરે છે. વધુમાં, અસરકારક નિયમબધ્ધતા માટે અને નિયંત્રણના અનુપાલન માટે બેન્કો માટે તેમના સંચાલનમાં IT ના ઉપયોગની આવશ્યકતા છે. આ બાબતનું મહત્ત્વ વિચારતા, શહેરી સહકારી બેન્કોના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ સમક્ષ વાર્ષિક ધોરણે એક સમીક્ષાના ધોરણ તરીકે "રીવ્યુ ઓફ મીકેનીઝમ અને કોમ્પ્યુટરાઈઝેશન" નો સમાવેશ કર્યો છે. IT ના ઉપયોગનું મહત્ત્વનું ઘટક કોર બેન્કીંગ સોલ્યુશન્સ (CBS) છે.

CBS ના ફાયદાઓ :

- સેન્ટ્રલાઈઝ્ડ ડેટા સેન્ટર્સથી તમામ બેન્કોની શાખાઓ મારફત આપવામાં આવતી સેવાઓની હારમાળાને સંપૂર્ણતઃ આવશ્યક રીતે મદદ કરે છે.
- CBS નેટવર્કમાં કોઈપણ સ્થિતિથી ગ્રાહકના ખાતાની વિગતોને CBS સુવિધાઓ પહોંચી શકે છે. કોઈપણ ડ્રોઈ સેન્ટર / શાખાના કોઈ એક કેન્દ્રમાં CBS શાખાઓ પર લખવામાં આવેલા ચેકો ગ્રાહકોને ચૂકવવા બેન્કો વડે આ સવલત લાભકારક બની શકે છે.
- ઉત્તમ ગ્રાહક સેવા આપવા ઉપરાંત, ટોપ મેનેજમેન્ટ માટે MIS રીપોર્ટસ તૈયાર કરવામાં અને રેગ્યુલેટર્સ અને સરકારને વિવિધ રીપોર્ટસ મોકલવામાં CBS મદદ કરે છે.

- વાસ્તવિક સંદર્ભમાં CBSથી ગ્રાહકોને ઉત્તમ સેવાની બાબતમાં લાભ થાય છે, ખાસ કરીને, તાકીદના રૂપમાં ચેક કલેક્શનના વિસ્તારમાં / સ્થાનિક ચેકોની બાબતમાં તે જ દિવસે જમા કરવા, ઈન્ટર-સીટી ચેક્સના કલેક્શન માટે સમય મર્યાદા ઘટાડે છે, ઈન્ટરસીટીની અંદર વધુ કેન્દ્રો આવરી લેતા ક્લીઅરીંગ અવકાશ વિ.
- બેન્કોમાં CBS નું અમલીકરણ ગ્રાહક સેવામાં મુળભુત પરિવર્તનમાં મોડેલ શીફ્ટમાં પરિણમશે.
- શાખાના ગ્રાહકો બેન્કના ગ્રાહકો બને છે જેથી કરીને તેઓ તેમના ખાતાઓ નિશ્ચિત હેતુઓ માટે કોઈ શાખામાંથી તેમના ખાતાઓ જોઈ શકશે. CBS વડે અપાતી નવી તકો વિવિધ ચૂકવણીની પ્રોડક્ટસ આપવાના માધ્યમ વડે ગ્રાહક સેવા વધારે છે અને દેશમાં ભંડોળની ઝડપી ગતિમાં ચેનલ્સ પરિણમે છે.
- તેઓના વ્યવહાર પ્રક્રિયા કાબેલિયત, હાઉસકીપીંગ અને ગ્રાહક સેવા આ બેન્કો ઉપર સ્પર્ધાયૂક્ત દબાણ મળવાને માધ્યમ તરીકે CBS બેન્કોની કાર્યદક્ષતા સુધારવા મદદ કરે છે. IT સોલ્યુશન્સને પહોંચવાના સંદર્ભમાં આવી બેન્કોને ભાગ ભજવવાના સ્તરનું ક્ષેત્ર પૂરું પાડે છે.
- **હાલનો ચિતાર :**

  ભારત સરકારે એવું પણ નિરીક્ષણ કર્યું છે કે, CBS વગરની UCBs બેન્કીંગ સીસ્ટીમ સાથે સારી રીતે પૂર્ણ નથી અને આથી આ મોડેલ તાત્કાલિક અપનાવવાની આવશ્યકતા છે. આજના બેન્કીંગ સિનારીઓમાં CBS એ તાતી જરૂરિયાત છે, આ કારણથી, તેમના પોતાના તેમજ તેમના ગ્રાહકોના હિતમાં પણ, જેમ બને તેમ જલ્દીથી CBS અપનાવે. આજે ક્લાઉડ બેઝ્ડ સોલ્યુશન્સ સહિત સોફ્ટવેર મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે અને UCBs તેમની બેન્કની જરૂરિયાત પ્રમાણેના મોડેલ અપનાવી શકે છે. રીઝર્વ બેન્ક પાસે ઉપલબ્ધ માહિતી મુજબ ખૂબ ઓછી UCBs એ CBS અપનાવ્યા છે. પરંતુ તા. ૩૧/૧૨/૨૦૧૪ પહેલા તેમની તમામ શાખાઓમાં CBS અમલમાં મૂકવા આથી તમામ UCBs ને સૂચના આપવામાં આવે છે. (યુનિટ બેન્કો માટે ડિસેમ્બર ૩૧, ૨૦૧૪ છેલ્લી તારીખ)

- **દંડનીય જોગવાઈ :**
  સમય મર્યાદાની અંદર CBS અમલીકરણની નિષ્ફળતાના કારણે UCBs ને વિવિધ સુવિધાઓની RBI દ્વારા મંજૂરી મળશે નહીં. (શાખાઓનું વિસ્તરણ અથવા કાર્યક્ષેત્ર વિ.) મળશે નહી.

આથી આવી તમામ નોન-CBS બેંકોને CBS માં પરિવર્તિત થવા વિનંતી છે તથા આ સંદર્ભે ફેડરેશન દ્વારા જે સુચનાઓ મળે તેનું ચુસ્તપણે પાલન કરવા આગ્રહ રાખવામાં આવે છે.

(આર.એન.જોષી)
CEO

સંબંધિત પરિપત્રો :

અર્બન બેન્કસ ડીપાર્ટમેન્ટ :

યુબીડી.બીપીડી.(પીસીબી).સીઆઈઆર.નં. : ૪૨/૦૯.૧૮.૩૦૦/૨૦૧૨-૧૩ તા. ૧૩/૦૩/૨૦૧૩ સાથે વંચાણમાં લેતા યુબીડી.સીઓ.બીપીડી.પીસીબી.સીઆઈઆર. નં. : ૧૪-૦૯-૧૮-૩૦૦-૨૦૧૩-૧૪ તા. ૧૧/૦૯/૨૦૧૩